સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ સીટી સર્વે ઓફીસ-૪ વડોદરા

મેં.સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ નં.૪ વડોદરા,અને અધિ.માલતદારશ્રી મું.વડોદરા નીકોર્ટ સમક્ષ

નં.સી.ટી.એસ/રી.કે.નં.૨૦/૨૦૧૪/વોર્ડ.૮

સીટીસર્વે સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી.નં.૪,વડોદરાની કચેરી,

વડોદરા.તા.૨૪/૧૨/૨૦૧૪

વંચાણમાંલીધુ:-

(૧) અરજદાર:-ધી ગાયકવાડ રીયલ એસ્ટેટ ટ્રેર્ડસ.વડોદર તર્ફે શ્રી હિંમતભાઈ માધવજીભાઈ પટેલ ઈન્દુમતિમહેલ,રાજમહેલ-કાશીવિશ્વનાથમહાદેવરોડ.વડોદરાનીતા.૨૨/૧૨/૧૪લેખીત રજૂઆત તથા સાધનીક પુરાવા

(૨) મેં.નાયબ કલેકટર સાહેબ,(શહેર)વડોદરાનો હુકમ નંબર./સીટીએસ/ અપીલ/૧૦૮(૫)/ કેસ.નં.૮૭ /૨૦૧૪ તા.૧૯/૧૨/૨૦૧૪

પ્રસ્તુત કામની ટુકી વિગત એવી છેકે,

પ્રસ્તુત કામના અરજદારની મુખ્યત્વે એવી રજૂઆત છેકે,અરજદાર ગાયકવાડની માજી વડોદરા સ્ટેટ સમયથી શ્રીમંત ગાયકવાડ રાજયની ખાનગી જમીનો ગામ મકરપુરા, તા.જિ.વડોદરા મુકામે નરવાદારી પ્રથાથી નરવાદારને મહેસુલની આવક લેવાના હકક સાથે વહીવટમાં હતું,જે ગામે શ્રીમંત ગાયકવાડની ખાનગી ઉપયોગની જમીનો જેનો પરાપૂર્વથીગાયકવાડના મેબબાગ તરીકે ઓળખાતા રાજમહેલ(હાલ એરફોર્સ ના કબજાની) મિલ્કતમાં આવેલ રાજમહેલ માં વસવાટ કરતા રાજવી કુટુંબ તથા તેના નોકરચાકર, પોલીસફોર્સ, ઈજનેર તથા મેડીકલ ડોકટર તથાઅન્ય હેતુ માટેના કર્મચારીના કુટુંબ ના સ્રહેઠાણ સગવડ માટેના બંગ્લા તેમજ કચેરીઓ માટે થયેલ કાંધકામ તથા તેના ખુલ્લા ઘોડેસવાર ફોર્સ તથા જાનવરો રાખવા તથા તેની સારવાર ઉપયોગ માટેની ખુલ્લી જગયા સહીતની મિલ્મત ડીસ્ટ્રીકટ/સર્વે રેકર્ડમાં માજી વડોદરા સ્ટેટ ના રેકર્ડમાં નીચેની વિગતે ધરાવતા આવેલ છે.જે મિલ્કતો ની યાદી નીચેનીવિગતે છે.

| ફેસલપત્રક | | | | |
|---|---|---|---|---|
| માજીનંબર | સ.નં. | વિ.વસા | આકાર | સરકારીજમીનનાખાતેદારનુંનામ/બારાખલીજમીનના માલઘણીનું નામ |
| ૧૭૨ | ૧૬૦ | ૧-૪ | ૦.૦૦ | સરકારી ઈજનેર ખાતાની ઓફીસ |
| ૧૭૩ | ૧૬૧ | ૧-૬ | ૦.૦૦ | સર્વન્ટ લાઈન |
| ૧૭૮ | ૧૬૩ | ૩-૧૦ | ૦.૦૦ | મડીકલ ઓફીસરના બંગલા સારૂ |

| માજીનંબર | સ.નં. | વિ.સા | આકાર | સરકારીજમીનનાખાતેદારનુંનામ/બારાખલીજમીનના માલધણીનું નામ |
|---|---|---|---|---|
| ૧૮૩ | ૧૭૦ | ૧-૧૦ | ૦.૦૦ | મેડીકલ ઓફીસરના બંગલા સારૂ(જાજરૂ માટે) |
| ૪૮૯ | ૧૭૧ | ૦-૦૭ | ૦.૦૦ | મેડીકલ ઓફીસરના બંગલા સારૂ(જાજરૂમાટે). |
| ૧૮૨ | ૧૬૯/૧ | ૦.૧૪ | ૦.૦૦ | ------------------ |

આકારબંધ

| સર્વેનંબર | પ્રકરા | કુલ એકર ગુંઠા/હે.આરએ.ચોમી | | આકાર |
|---|---|---|---|---|
| | | એન | ખરાબો | |
| ૧૬૦ | સરકારી ખરાબો(મકાન) | ૦.૨૮(હે.૦.૨૮.૩૩ ચો.મી | ૦.૨૮(હે.૦.૨૮.૩૩ ચો.મી ) | |
| ૧૬૧ | સરકારી ખરાબો(મકાન) | ૦.૩૧( હે .૦.૩૧.૩૬.ચોમી | ૦.૩૧(હે .૦.૩૧.૩૬.ચોમી) | ------- |
| ૧૬૩ | સરકારી ખરાબો(મકાન) | ૨-૨ (હે.૦.૮૨.૯૬ચોમી) | ૨-૨ (હે.૦.૮૨.૯૬ચોમી | --- |
| ૧૬૩/૧ | સરકારી વાવેતર | ૦.૧૬(હે.૦.૧૬.૧૯.ચોમી ) | ---- | રૂા.૨.૩૧ પૈસા |
| ૧૬૯/૧ | સરકારી ખરાબો(મકાન) | ૦.૧૬(હે.૦.૧૬.૧૯ ચોમી) | ૦.૧૬(હે.૦.૧૬.૧૯ ચોમી) | ---- |
| ૧૭૦ | સરકારી ખરાબો(મકાન) | ૦.૩૫(હે.૦૩૫.૪૧ ચોમી) | ૦.૩૫(હે.૦૩૫.૪૧ ચોમી) | -- |
| ૧૭૧ | સરકારી ખરાબો(મકાન) | ૦.૦૮ (હે.૦.૦૮.૦૯ચોમી.) | ૦.૦૮(હે.૦.૦૮.૦૯ચોમી.) | --- |

ઉપરની વિગતે ડીસ્ટ્રીકટ ડી.આઇ.એલ.આર કચેરીના ડીઅસઓરેકર્ડમાંનોંધ થયેલ હોય,જે મિલ્કતો પ્રથમથી શ્રી ગાયકવાડ સ્ટેટ સમયથી બાંધકામવાળી અને બીન આકારી ,બીન ખેતીની મેડીકલ ઓફીસર ના બંગલા સારૂ,મેડીકલ ઓફીસરના બંગલા સારૂ(જાજરૂ માટે), ઇજનેર ખાતાની ઓફીસ ઉપયોગની છે. જે મિલ્કતો ગામનમુનાનંબર.૮/અ,ખાતાનંબર.૧૭૪ થી અમો અરજદારના નામે નોંધાયેલ છે,માજી ગાયકવાડ સરકારની ખાનગી ઉપયોગની મિલ્કતો બીન ખેતીના ધારામાંથી મુકત મિલ્કતો, જમીન મહેસુલ કાયદાની કલમ ૫૨ ની જોગવાય અન્વયે તથા ગુજરાત સરકારશ્રીના(નકલ સામેલ છે.)મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક બખઅ-૧૦૮૦-૬૭૬-ક તા.૨૫/૪/૧૯૮૦ ના ઠરાવના પારા.૪ તથા પારા.૧૪ ની જોગવાય અમો અરજદારની >બીનખેતી ઉપયોગી જમીન એકર.૨૩.ગુંઠા૩૪ હે.૯.૬૫.૩૮ ચો.મી.નો બીનખેતીની ધારો રૂા.૪૮૨૬૯/-,વિશેષ ધારો. રૂા.૨૪૧૩૫/- તથા શિક્ષણ ઉપકર રૂા.૧૨૦૭૫/- મળી કુલ રૂા.૮૪૪૭૯/-દર શાલ વસુલ લેવાવામાં આવે છે.જે મિલ્કતો મુળ સેટલમેન્ટ સરવે સમયથી બીનખેતીની ઉપયોગની ખરાબા તરીકે નોંધાયેલ છે.જે મિલ્કતો પૈકી શીટ નં.૨૨ ના ચા.નં. મોજે. મકરપુરા તા.જિ.વડોદરાની શહેર માપણીના શીટનંબર. ૨૨ પૈકી ચાલતા નંબર.૪૨ તથા ૪૯,૫૦ સી.સ.નં.૧૯૪૨,૧૯૫૩ ,૧૯૫૫,ની મિલ્કતો રે.સ.નં.૧૬૩,૧૬૯/૧,૧૭૦,તથા ૧૭૧કુલ ક્ષેત્રફળ ૧૨૩૩૩ ચોમી પૈકીની લાગુ રોડમાં સંપાદન થયા બાદની ૧૦૦૧૪ ચો.મી બાકી રહેતી જમીનપૈકી

સી.સ.નં. ૧૯૫૪ નુ ક્ષેત્રફળ ૧૯૯૧.૨૫ ચો.મીબાદ જતા તથા સી.સ.નં.૧૯૫૩/બ નું ક્ષેત્રફળ ૧૫૮૧ ચો.મી બાદ જતા હયાત સી.સ.નં.૧૯૫૫ નું ક્ષેત્રફળ ૬૪૪૧.૭૫ ચો.મી.કાયમ કરી આપવા તથા રે.સ.નં.૧૬૧ તથા ૧૬૨ની હદ ટીપ્પણ સાથે મેળવણી કરી હદ તથા ક્ષેત્રફળ કાયમ કરી આપવા મુખ્યત્વે રજૂઆત કરેલ છે.

રેકર્ડથી ખાત્રીકરતા તથા સ્થસ્થિતીની ખાત્રી કરતા

મોજે. મકરપુરા તા.જિ.વડોદરાની શહેર માપણીના શીટ નંબર.૨૨ પૈકી ચાલતા નંબર.૪૨ તથા ૫૦ સી.સ.નં.૧૯૪૨,,૧૯૫૫,ની મિલ્કતો રે.સ.નં.૧૬૩,૧૬૯/૧,૧૭૦,તથા ૧૭૧કુલ ક્ષેત્રફળ ૧૨૩૩૩ ચોમી પૈકીની લાગુ રોડમાં સંપાદન થયા બાદની ૧૦૦૧૪ ચો.મી બાકી રહેતી જમીનપૈકી સી.સ.નં. ૧૯૫૪ નુ ક્ષેત્રફળ ૧૯૯૧.૨૫ ચો.મીબાદ જતા તથા સી.સ.નં.૧૯૫૩/બ નું ક્ષેત્રફળ( રેવન્યુ રેકર્ડ મુજબ.રે.સ.નં.૧૬૩/૧,ક્ષેત્રફળ ૧૬૧૯ ચો.મી )રે.સ.નં.૧૬૩ પૈકી ૧૫૮૧ ચો.મી ક્ષેત્રફળ સી.સ.નં. ૧૯૫૩/બ,માં ગણતરીમાં લીધેલ જગ્યા બાદ જતા હયાત સી.સ.નં.૧૯૫૫ નું ક્ષેત્રફળ ૬૪૪૧.૭૫ ચો.મી.કાયમ કરી આપવા તથા રે.સ.નં.૧૬૦ તથા ૧૬૧ ની હદ મુળ ટીપણ આધારે કાયમ કરવા પાત્ર થાય છે.હાલ માપણી સીટમાં જે બંને મિલ્કતનો એકત્ર સી.સ.નં.૧૯૪૨ નું ક્ષેત્રફ ૫૯૯૯ ચોમી. કાયમ કરવા પાત્ર થાય છે.નીચે મુજબ હુકમ કરૂ છું

હુકમ.

આથી હું શ્રી બી.જી .શાસ્ત્રી , સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ.૪ના હોદ્દાની ની રૂએ નીચે મુજબ હુકમ કરૂ છું, મોજે. મકરપુરા તા.જિ.વડોદરાની શહેર માપણીના શીટ નંબર.૨૨ પૈકી ચાલતા નંબર.૪૨ તથા ૫૦ સી.સ.નં.૧૯૪૨,,૧૯૫૫,ની મિલ્કતો રે.સ.નં.૧૬૦,૧૬૧, તથા ૧૬૩,૧૬૯/૧,૧૭૦,તથા ૧૭૧ પૈકીમાં આવેલ છે. પ્રકરણે ઉપર વિગતવાર ચર્ચા કર્યા મુજબ રે.સ.નં.૧૬૩ , ૧૬૩/૧ ની મિલ્કત ના બે સીટી સર્વે નંબર. ૧૯૫૩ (૧૯૫૩/અ તથા ૧૯૫૩/બ)અને ૧૯૫૫ ,અમલ માં છે,આમ એકજ મિલ્કતના બે સીટી સર્વે નંબરો ના પ્રોપર્ટી કાર્ડ રેકર્ડમાં અમલમાં હોય,જે પૈકી સી.સ.નં.૧૯૫૩/અ તથા બ, નકશે દર્શાવેલ ન હોય,જે સી.સ.નં.૧૯૫૩/અ નું ક્ષેત્રફળ ૬૭૨૫ ચો.મીની જગ્યા નકશે નકિક થતી ન હોય,જે સી.સ.નં. ૧૯૫૩/અ,સી.સ.નં.૧૯૫૫ સાથે દુબાર થતો હોય,સી.સ.નં.૧૯૫૩/અ માટે અમલમાં આવેલ પ્રોપર્ટી કાર્ડ રેકર્ડ પરથી કમી કરી સી.સ.નં.૧૯૫૫ કાયમ રાખી સી.સ.નં.૧૯૫૫ નું ક્ષેત્રફળ ૬૪૪૧.૭૫ ચો.મી. કાયમ કરવા તથા સી.સ.નં.૧૯૪૨ (રે.સ.નં.૧૬૦ તથા ૧૬૧)ની હદ મુળ ટીપણ આધારે કાયમ કરતા (બન્ને રે.સ.નં.૧૬૦ તથા ૧૬૧ નો સ્થળે એકત્ર કબજો આવેલ હોય) એકત્ર ક્ષેત્રફળ ૫૯૯૯ ચોમી. કાયમ કરવા તથા સી.સ.નં.૧૯૪૨ તથા ૧૯૫૫ની મિલ્કતો સેટલમેન્ટ પહેલાથી વડોદરા સ્ટેટ સમયથી ગાયકવાડ કુટુંબની ખાનગી ઉપયોગની વડોદરા સ્ટેટ સમયથી ઉપયોગનીઆવેલ હોવાની જિલ્લા જમીન દફતર કચેરીમાં મોજે. મકરપુરા તા.જિ.વડોદરાના ફેસલપત્રક, આકારબંધ,મુળ ટીપ્પણ બુકે તથા પ્રતિબુક પર મકાન,ઈજનેર,મેડીકલ બંગલા,જાજરૂના ઉપયોગની નોંધ રેકર્ડ પર થયેલ હોય, તથા બંને મિલ્કતોનો ખેતીનો ઉપયોગનો આકાર સેટલમેન્ટ સમયથી નોંધાયેલ ન હોય,જેથી બંને (સી.સ.નં.૧૯૫૫ રે.સ.નં.૧૬૩,૧૬૯/૧,૧૭૦ તથા ૭૧ પૈકી,અને સી.સ.નં.૧૯૪૨ રે.સ.નં.૧૬૦, ૧૬૧)મિલ્કતો બીન ખેતીના ઉપયોગની હોવાનું ઠરાવી બંને મિલ્કતો

માટે બીન ખેતીના માટેનો સત્તાપ્રકાર > સી < પ્રોપર્ટીકાર્ડમાં દાખલ કરવા તથા મિલ્કતના ધારણ કર્તા તરીકે ધી ગાયકવાડ રીયલ એસ્ટેટ ટ્રેડર્સ ને ઠરાવુ છું ,અને સદરહુ હુકમની સબંધીત રેકર્ડ માં નોંધ કરવા હુકમ કરૂ છું.

આજ રોજ તા.૨૯ માહે ડીસેમ્બર સને.૨૦૧૪ ના રોજ મારી સહી તથા કચેરીના સહીસિકકા કરી હુકમ જાહેર કર્યો.

૨૯/૧૨/૨૦૧૪

સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ નં.૪ વડોદરા

અને

અધિક મામલતદાર શ્રી. વડોદરા

નકલ રવાના :- અરજદારશ્રી ધી ગાયકવાડ રીયલ એસ્ટેટ ટ્રેડર્સ,ઈન્દુમતિ પેલેશ ,રાજાહેલ થી – મકરપુરારોડ, સરદાર પટેલ જિલ્લા પંચાયત ભુવન ની બાજુમાં ,વડોદરા તરફ જાણ સારૂ

નકલ રવાના :- મેન્ટે.સર્વેયર ,વોર્ડ.૮ ,મચકુર કચેરી તરફ હુકમ નો રેકર્ડમાં અમલ થવા તથા સબંધીત રેકર્ડમાં દુરસ્તી થવા સારૂ